હોમરૂલ લેખમાળા નં. ૩.

પાર્લામેંટની સંયુક્ત કમિટિ સમક્ષ મિસિસ એની બેઝંટે રજુ કરેલી હકિકત.

નેશનલ હોમ રૂલ લીગ.

(મુંબઇ શાખા.)

કીંમત ૧ આનો.

[૧૦૦૦.] [સપ્ટેમ્બર ૧૯૧૯

Printed by M. N. Kulkarni, Karnatak Press,
434 Thakurdwar, Bombay.
and
Pablished by Kanji Dwarkadas, National Home Rule
League, Chartered Buildings Fort Bombay.

પાર્લામેંટની સંયુકત કમિટી સમક્ષ મિસિસ બેઝંટે રજુ કરેલી હકિકત.

હિન્દી સુધારાનાં બિલ સંબંધી તપાસ ચલાવવાને નિમાયલી પાર્લામેન્ટની સંયુકત કમિટી સમક્ષ મિસિસ બેઝંટને મંગળવાર, તા. ૨૯ મી જુલાઇને દિને સ્હવારનાં સાક્ષી તરીકે બોલાવવામાં આવ્યાં હતાં. શરૂઆતમાં તેઓએ નીચલી હકિકત વાંચી બતાવી હતી:

મારાં પ્રતિનિધિમંડળ તરફથી સામાન્ય રીતે બોલતાં જણાવીશ કે, અમો મિ૦ બેનરજી સાથ એ બાબતમાં સંમત છીએ કે, સુધારાનાં બિલની હાલની કલમોમાં બિલ્કુલ કાપકુપ નહિજ થવી જોઇએ, અને અમે વધુમાં જણાવીએ છીએ કે, શાહિ અને પ્રાંતિક સરકારો સાથ સંપૂર્ણ ચર્ચા થયા પછી બહાર પાડવામાં આવેલા મોન્ટેગુ-ચેમ્સ્ફર્ડ રિપોર્ટ સાથ સરખાવતાં તેમાં (બિલમાં) જે કાપકુપ અત્યાર અગાઉ કરવામાં આવી છે, તે સુધારવી જોઇએ. આમાંની સૌથી અગત્યની બાબત સંયુકત કમિટિને મેં મોકલેલા જવાબોમાં જોઈ શકાશે. આમાંનો પહેલો મુદ્દો એ છે કે, ક્યા વધુ સુધારા આપી શકાય તેની તપાસ દસ નહિં પણ પાંચ વર્ષે થવી જોઇએ—મિ૦ બેનરજીએ પણ તેમજ જણાવ્યું છે;

બીજું, પ્રધાનોના પગાર સંબંધી મત આપવાનો અધિકાર પણ એ સમયે પ્રજાકિય સભાસદોને હસ્તક આપવો જોઇએ. અને ત્રીજું, **બજેટને લગતો સવાલ,** કે જે સંબંધી મને હવે પછી સવાલો પૂછવામાં આવે એવો સંભવ છે. ધારાસભા તરફથી અરજ થતાં તેને વિષયો સુપ્રત કરવા એ જવાબદાર રાજ્યતંત્ર ક્રમવાર આપવાની યોગ્ય રૂઢિ છે, અને કાયદાની રૂએ નિમાયલાં કમિશનોની અમુક મુદતે તપાસને બદલે રૂઢિઓ અમલમાં મુકવી જોઇએ. ધારાસભાની હસ્તીની મુદત પાંચને બદલે ત્રણ વરસની કરવામાં આવે તો, ત્રીજી ધારાસભા સંપૂર્ણ પ્રાંતિક સ્વરાજ્ય ભોગવી શકશે.

બેજવાબદાર રાજ્યતંત્રમાંથી જવાબદાર રાજ્યતંત્ર મેળવતાં, એક વચગાળેનાં પગથિયાં તરીકે દ્વિમુખી રાજ્યતંત્રનો સ્વિકાર આવશ્યક છે, એ બાબતમાં પણ અમે મિ૦ બેનરજી સાથ સંમત છિયે. સંસ્થાનોમાં જ્યારે બિનજવાબદાર રાજ્યતંત્રમાંથી જવાબદાર રાજ્યતંત્ર દાખલ કરવામાં આવ્યું, ત્યારે શરૂઆતમાં તે થોડા ફેરફાર સાથ સંસ્થાનોમાં પણ મોજુદ હતું. પોતાના લેટર્સ પેટન્ટની રૂએ ગવરનરે નિમેલી કારોબારી કાઉન્સીલમાં તેણે પ્રધાનોનો વધારો કર્યો હતો—કે જે પ્રધાનોને નિમવાની તેમજ તેઓને રજા આપવાની તેને સત્તા હતી, અને પ્રતિનિધિઓની ધારાસભા હોવા છતાં, એ ધારાસભાના મતથી મિશ્રિત (કારોબારી) કાઉન્સિલ બરખાસ્ત થઇ શકતી ન હતી. રફતે રફતે પ્રજાને સત્તા આપવાની બીજી કોઈ રીતની હું કલ્પના કરી શકતી નથી—જો કે સંસ્થાનોનાં ધોરણે રચાયલી કોંગ્રેસ-લીગની યોજનામાં એ રૂઢિ બને તેટલી ગુપ્ત રાખવામાં આવી છે. દ્વિમુખી સત્તાથી નહિ છુટી પાડી શકાય તેવી અગવડોને પરિણામે ધીમે ધીમે સંપૂર્ણ જવાબદાર રાજ્યતંત્ર આપવાની ફરજ પડશે—કે જે જવાબદાર રાજસત્તા મજબુત ધારાસભાના ટેકા સાથના પ્રધાનોની વધતી જતી સત્તાને પરિણામે કુદરતી રીતેજ આવે છે; અને

જો રાજદ્વારિ પરિક્ષાઓનો બોજો દૂર કરવામાં આવે તો કોઇપણ જાતના ગંભીર આઘાત સિવાય હિંદમાં કુદરતી રીતે આવશે.

બજેટ ઉપર કાબુ.

બજેટ ઉપર કાબુ આપવાની જરૂર સંબંધમાં અમો મી૦ બેનરજી સાથ એકમત થઇએ છિયે, અને તેથી કરીને મોંટેગુ-ચેમ્સફર્ડ રીપોર્ટના ૨૫૬-૫૭ પેરામાં જણાવેલી ભલામણો બિલના ખરડામાં દાખલ કરવાની જરૂર સંબંધી પણ તેઓ સાથ સંમત છિયે. અમે આગ્રહપૂર્વક જણાવીએ છિયે કે, કારોબારી સરકારની વધુમતિથી અનામત (રિઝર્વડ) વિષયોમાં નાણાંની જે રકમો ખર્ચ માટે મંજુર થયેલી હોય, તે ઓછી કરવાનો ધારાસભાનો ઠરાવ સરકારને બંધનકર્તા હોવો જોઇએ—પણ જો ગવર્નર અથવા ગવર્નર-જનરલ એવું સર્ટિફિકેટ આપે કે, અંદાજપત્રની એ રકમ સુલેહ, બંદોબસ્ત અથવા દેશના રક્ષણ માટે, અથવા પરદેશી સાથના સંબંધને માટે અથવા તો હિન્દી રાજકર્તાઓ સાથનો આપણો સંબંધ જાળવી રાખવા માટે આવશ્યક છે, તો તે કેસમાં ધારાસભાનો ઠરાવ બંધનકર્તા ગણાય નહિ.

પ્રધાનોએ પોતેજ બધા કરોની પસંદગી કરવી જોઇએ અને એ કરો નાંખવાની તેઓએજ બનતાં સુધી ભલામણ કરવી, એ ખાસ જરૂરનું છે, પણ આખી કારોબારિ સરકારમાં સંપૂર્ણ ચર્ચા કરવા પછી આખું અંદાજપત્ર ધારાસભા સમક્ષ રજુ કરવું જોઇએ, અને તેના ઠરાવો-અગાઉ જણાવ્યા મુજબ-સરકારને બંધનકર્તા ગણવા જોઇએ. ઉપર સૂચવેલી રૂઢિ મધ્ય સરકારનાં અંદાજપત્રને પણ લાગુ પાડી શકાય એ બાબતમાં મી. મોન્ટેગ્યુ સાથ સર જેમ્સ મેસ્ટનને સંમત થતાં સાંભળતાં મને આનંદ થયો હતો. એ આપણને આર્થિક સ્વાતંત્ર્યની દિશામાં લઇ જશે—કે જે સ્વાતંત્ર્યની માગણી બીજી કોઇ બાબત કરતાં હિન્દનો પ્રજામત વધુ આગ્રહપૂર્વક રીતે કરી રહ્યો છે.

મધ્ય સરકારમાં દ્વિમુખી સત્તા દાખલ કરવી જોઇએ, એ બાબતમાં પણ અમે મી૦ બેનરજી સાથ એકમત છઇએ. એ સિવાય બિલ એક ચક્રે ફરતા રથ જેવું થઈ પડશે, અને પ્રાંતોમાંની જવાબદારી મધ્ય સરકારની આપખુદિનાં દબાણને લીધે નકામી થઈ પડશે, અને પ્રાંતિક જવાબદારીને ઝાંઝવાનાં જળ જેવી નામનીજ બનાવશે. મધ્ય સરકારમાં કોઇ પણ જાતની જવાબદારી નહિ હોવાને લીધે, હિંદી ધારાસભા હાલ પ્રાંતિક ધારાસભાઓ છે તેવી નકામી થઈ પડશે, અને પ્રાંતોનાં કાર્યમાં વચ્ચે પડવાનો ભય તેઓને માથે ઝુઝુમતો રહેશે. હિંદુસ્થાન બીજાં દસ વર્ષ સુધી આપખુદ સત્તાને આધીન રહે એવો સંભવ નથી, અને અનિશ્ચિત મુદત સુધી એવી હાલતમાં રહે એવો તો જરાપણ સંભવ નથી, કેમકે હાલનો સમય એવો છે કે બાકીની બધી દુનિયા એ (આપ ખુદસત્તાના) બાહુથી મુકત થઈ છે; અને આપખુદસત્તાનું યંત્ર ચાલુ રહેવાનાં પરિણામે હિંદમાં સતત ચળવળ ચાલુ રહેશે. અને એ ચળવળ માત્ર મારા જેવાં "ઝનુની" હોમરૂલરો તરફથીજ નહિ, પણ આગેવાન મોડરેટો તરફથી પણ ચલાવવામાં આવશે, અને એમ તેઓએ અત્યાર અગાઉ જાહેર પણ કર્યું છે.

" કાઉન્સિલ-ઑફ-સ્ટેટ નહિ જોઇએ. "

ગવર્નર-જનરલની કારોબારિ કાઉન્સિલની નિમણુંકોનો અર્ધો ભાગ હિન્દીઓનો હોવો જોઇએ, એ બાબતમાં અને કાઉન્સિલ ઑફ સ્ટેટ તરફ નાપસંદગી દર્શાવવામાં પણ અમે તેઓ સાથ એકમત છઇએ, જોકે મારા ગોઠિયાઓને અને મને તે કોઇ પણ રૂપમાં નિમાવા સામે વાંધો છે અને તે કરતાં ગ્રાંડ કમિટિ અથવા એક વરસ સુધી ચાલે તેવો ઑર્ડિનન્સ પસંદ કરીએ છીએ, કે જે ' ઑર્ડિનન્સ ' એક વરસ પછી હિન્દી ધારાસભા (એસેમ્બ્લી) સમક્ષ રજુ કરવો જોઇએ, અને હાજર રહેલા અને

મત આપનારા સભાસદોના ૪૦ ટકા ભાગે પસાર કરવો જોઇએ, અથવા રદ કરવો જોઇએ.

મોડરેટોની એવી દલિલ સાથ અમો સંમત છિયે કે, ગવર્નરોને કારોબારી કાઉન્સિલના મેમ્બરો કરતાં પ્રધાનોપર વધુ સત્તા હોવી નહિ જોઇએ, અને અનામત (reserved) વિષયોપર અમુક નિર્ણયોની અમુક અસર થવા સંભવ છે, એવાં કારણસર ગવર્નર–ઇન–કાઉન્સિલને ગવરનર અને પ્રધાનોના નિર્ણયોમાં વચ્ચે પડવાની જે સત્તા હોય, તેવીજ સત્તા, સુપ્રત (transferred) વિષયોને લગતા ગવરનર–ઇન–કાઉન્સિલના નિર્ણયોમાં વચ્ચે પડવા સંબંધમાં ગવરનર અને પ્રધાનોને હોવી જોઇએ.

હિન્દી વઝીરનાં વચનનો અમલ.

તા. ૫ મી જુને નામદાર હિન્દી વઝીરે આમની સભામાં જણાવ્યું હતું કેઃ **પ્રાંતિક સરકારે ધારાસભાની ઇચ્છાને કાયદાની રૂએ માન આપવું પડશે,** એટલે કે, **સુપ્રત** (transferred) **વિષયોમાં ધારાસભાને જવાબદાર રહે એવી સારકારની યોજના કરવામાં આવી છે;** " હિન્દી વઝીરનાં ઉપલાં કથનનો અમલ કરવા માટે સંયુક્ત કમિટિએ **કોંગ્રેસ અને મુસ્લીમ લીગની યોજનાનો** એવો નિયમ સ્વિકારવો જોઇએ કે, સુંપ્રત વિષયો સંબંધમાં ગવર્નર અને પ્રધાનો વચ્ચેનો સંબંધ સ્વરાજ્ય ભોગવતાં સંસ્થાનોમાં છે તેવો હોવો જોઇએ, જો કે આ યોજનામાં ગવર્નર એ રાજાના પ્રતિનિધિ અને વડા પ્રધાન એમ બંનેની ગરજ સારે છે. ખુદ મી૦ મોન્ટેગુએ કહ્યું તેમ, જો " સુંપ્રત વિષયો સંબંધમાં આપણે આપણું ત્રસ્ટીપદ છોડી દઈ અને તે હિન્દનાં લોકોને શરણે કરવું " હોય તો, ૫ મી (૨) કલમની રૂએ કરવામાં આવતા નિયમોમાં હિન્દી વઝીરની ઉપલી રાજનીતિનો અમલ થવો

જોઇએ. મી૦ મોન્ટેગુએ સ્થાનિક સરકારોની જુદી યોજના પર એવી ટીકા કરી હતી કે, (એ યોજનામાં) "ધારાસભાના અંકુશની કાંઈ ખાત્રી નથી, કારણ કે બધા વિષયો સંબંધમાં જો ગવર્નર એવું સર્ટિફીકેટ આપે કે પોતાનું પગલું પોતાના પ્રાંતના હિત માટે છે, તો તે ધારાસભાના ઠરાવો રદ કરી શકે;" એ ટિકાને લીધે પણ અમારી માગણી કબુલ કરવાની જરૂર છે.

અમારી એવી માગણી છે કે, આથી સંયુકત કમિટિ એ મુદ્દાપર ખાસ કરીને ભાર મૂકશે.

કારોબારિ કાઉન્સિલના સભાસદો અને પ્રધાનોના પગાર એક સરખો હોવો જોઇએ, એ બાબતમાં પણ અમો (મોડરેટો સાથ) સંમત છઇએ.

અમો માનીએ છિયે, આ બધા અગત્યના મુદ્દાઓ સંબંધમાં, બધાં પ્રાગતિક પ્રતિનિધિમંડળો મી૦ બેનરજીની સાથ સંમત છે, અને અમારાંમાંનાં ઘણાંખરાં ઓછી અગત્યના મુદ્દાઓ સંબંધમાંજ તેઓથી જુદાં પડિયે છિયે. પણ મારા ગોઠિયાઓ અને હું હાલનાં બિલના એક ભાગ તરીકે બાનુઓ માટે ચુંટણીનો હક્ક માગવાની જરૂર સંબંધમાં તેઓથી જુદાં પડિયે છિએ. અમે આગ્રહપૂર્વક જણાવીએ છિયે કે, તે સામે લેવામાં આવતા વાંધાઓ નબળા અને કૃત્રિમ છે, અને બિલના જુસ્સાને બંધબેસ્તી નહિ થઇ પડે તેવી જાતીય (sex) અશકિત તેમાં દાખલ કરવામાં આવી છે; કારણકે ઇતિહાસના પ્રભાતથી હિન્દી સંસ્કૃતિના એક નોંધવા યોગ્ય અંગ તરીકે પ્રજાથી ચુંટાયલી ધારાસભામાંથી સ્ત્રિઓને બાતલ રાખવામાં આવી ન હતી, અને જાતને (sex) અવરોધ તરીકે ગણવાનો વિચાર પશ્ચિમની રૂઢિઓ સાથજ આ દેશમાં દાખલ થયો, અને ત્યાંપણ સ્ત્રિયોને યુનિવર્સિટીની ઉપાધિઓ (degrees) માંથી બાતલ રાખવામાં તે સફળ-

થયો નહિ. જે બે કોંગ્રેસો સમક્ષ બાનુઓને મતાધિકાર આપવાનો ઠરાવ રજુ થયો હતો, તેમાં તેમજ બધા જીલ્લાઓ અને જે બધી કૉન્ફરંસોમાં તે રજુ થયો હતો, ત્યાં એ ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. બિલે ચળવળને માટે નવું કારણુ શા માટે આપવું જોઇએ ? એ ચળવળ સંબંધમાં હું સંયુક્ત કમિટિને જણાવીશ કે, બાનુઓની ચળવળ ખાસ કરીને પ્રચંડ રૂપ ધારણુ કરે છે, એમ અત્યાર અગાઉ સત્તાવારરીતે કબુલ કરવામાં આવ્યું છે. દક્ષિણુ આફ્રિકાના અન્યાય સંબંધી તેઓએ અત્યાર અગાઉ ચળવળ ચલાવી હતી, અને તેમાં તેઓ ફતેહમંદ થઈ છે. તેઓએ વળી ફિજીની ગિરમીટની રૂઢિ સામે પણુ ચળવળ ચલાવી હતી, અને વાઇસરોય પાસ પોતાનું ડેપ્યુટેશન લઇ ગઈ હતી, અને તેની પાસથી એવું વચન મેળવ્યું હતું કે ગિરમિટયા રૂઢિ રદ કરવામાં આવશે. બીજી જે જે બાબતો તેઓએ ઉપાડી લીધી હતી, તેમાં મરદો નિષ્ફળ નિવડયા હોય તોપણુ, ધારેલો હેતુ સિદ્ધ કરવામાં તેઓ કદિ નિષ્ફળ નિવડી નથી, તેનું એ પણુ એક કારણુ છે કે જ્યાં સ્ત્રિયો સામિલ થઇ હોય ત્યાં પોલિસ વચ્ચે પડે તે હિંદી મરદો સહન કરી લે તેમ નથી. તેથી જ્યાં પુરૂષોને પોલિસ તરફથી અટકાવવામાં આવ્યા હોય, તેવાં ધોરણે તેઓ ચળવળ ચલાવી શકી છે, અને મને લાગે છે કે, મહિલાઓને મતાધિકાર આપવાનો આગ્રહ કરતી કેળવાયલી બાનુઓના ધણા બળવાન વિભાગ તરફથી એવી જાતની ચળવળ ચલાવવામાં આવે, એ ધણું નહિ ઇચ્છવા યોગ્ય છે. મી૦ બેનરજીએ જણાવ્યું તેમ, ધર્મયુકત અથવા સાંકડા વિચારના લોકો તરફથી તે સામે કાંઇક વાંધો લેવામાં આવશે એ ખરૂં છે—હું કહીશ કે આધુનિક ધર્મચુસ્ત લોકો અને અર્વાચીન સાંકડા વિચારના લોકો તરફથી એ વાંધો લેવાશે. જાહેર જીવનમાં સ્ત્રીઓનો દરજ્જો સ્વિકારવાનો જુનો હિન્દુ રિવાજ પાછો દાખલ કરવા સામે તેઓ વાંધો લે છે; જે કોઇને વાંધો હોય તેઓ સહેલાઇથી મતાધિકારનાં સ્થાનથી દૂર રહી શકે છે;

જે સ્ત્રિઓના મરદોને તેઓની (સ્ત્રિયોની) મદદની જરૂર હોય તેવી સ્ત્રિયોને મતાધિકારથી દૂર રાખવામાં તેઓને મદદ કરવાની જરૂર નથી.

કોમી પ્રતિનિધિત્વ અમે પસંદ કરતા નથી, કારણ કે રાજનીતિ —કે જ્યાં મનુષ્યોને જુદાં પાડે તેવાં રાજદ્વારિ હેતુઓ નથી હોતા અથવા નહિ જેવા હોય છે—ત્યાં ધાર્મિક પ્રશ્નો દાખલ કરીને, કોમી પ્રતિનિધિત્વ જૂદાઇમાં વધારો કરે છે. લખનૌ ખાતેની હિન્દુ–મુસ્લીમ એકસંપીને લીધે, તેમજ બે મહાન્ કોમો વચ્ચે એકદિલિ વધતી જતી હોવાથી જૂદાં પ્રતિનિધિત્વ માટે મુસ્લીમોની ઇચ્છા ઘટતી જાય છે, એવી માન્યતાથી મુસ્લીમોને અમો આ નિયમમાં અપવાદ તરિકે ગણિયે છિયે. બીજી કોમોને લગતા વાંધાઓ હું પડતા મૂકું છઉં. એ વાંધાઓ સવાલો પૂછાતી વેળા ચર્ચાવાનો સંભવ છે, એથી અત્રે મારે તે જણાવવાની જરૂર નથી. પણ યુરોપીયનોને કોમી પ્રતિનિધિત્વ આપવા સામે અમે ખાસ કરીને વાંધો લઇએ છિયે, કારણ કે એ કોમને તેની સંખ્યાનાં પ્રમાણમાં હદ ઉપરાંત પ્રતિનિધિઓ અત્યાર અગાઉ મળેલા છે. એ કોમના પ્રતિનિધિઓ ચેમ્બર્સ ઓફ કોમર્સ, બગિચાવાળાઓનાં મંડળો અને જ્યાં બારાંઓ અથવા બારાંઓનાં ટ્રસ્ટો હોય ત્યાં બીજાં ખાસ મંડળો તરફથી, અને એવી બીજી સંસ્થાઓ તરફથી ધારાસભાઓમાં બિરાજે છે, એટલા માટે અમારા મત મુજબ અત્યાર આગમજ આપવામાં આવેલાં ખાસ મતદારમંડળો તરફથી તેઓને હદબ્હારનું પ્રતિનિધિત્વ મળેલું હોવાથી, યુરોપિયનોનેજ માટે વધારાનું ખાસ મતાધિકાર મંડળ સ્થાપવું જોઇએ નહિ.

નવાં કોમી મતદાર મંડળોની જરૂર નથી, આજે યુરોપિયનો અત્યાર અગાઉ હદઉપરાંત પ્રતિનિધિઓ ચુંટી કાઢવાનો હકક ધરાવે છે.

સંયુકત કમિટિને અમે સવિનય આગ્રહ કરીએ છીએ કે, બિલનાં બીજી વારનાં વાંચનવેળા મી. મોન્ટેગુએ—નિયમોમાં દાખલ કરેલી રાજ-

નીતિ સંયુક્ત કમિટિ તરફથી સંપૂર્ણ રીતે મુકરર કરવામાં આવશે—એવું વચન આપ્યું હતું, તે કમિટિએ પાળવું જોઇએ. તા. ૫ મી માર્ચ ૧૯૧૯ ના હિન્દી સરકારનો પત્ર અને સ્થાનિક સરકારોના ખરિતાઓ બતાવી આપે છે કે, તેઓ નવી રાજનીતિના તેઓ કેટલા વિરોધી છે, અને તેઓએ ઘડેલા નિયમો—મિન્ટો-મોર્લી સુધારાવેળાના નિયમોની માફક—બિલ-માંના સુધારાઓ નિર્માલ્ય બનાવશે; ૧૯૦૮ ની કોંગ્રેસે મિન્ટો-મોર્લી સુધારાને આપેલો ઉલટભર્યો આવકાર અને ૧૯૦૯ ની કોન્ફરંસમાં તે માટે દર્શાવેલી કડવી નિરાશા, પાર્લામેંટે ઉદારતાથી આપેલા સુધારાને પછાત હઠાવનારી સરકારો કેવું નુકસાન કરી શકે છે તે બતાવી આપે છે.

અમે ધારીએ છિયે કે, વિષયોની વહેંચણી કરનારી કમિટિનો રિપોર્ટ એકંદરરીતે લેતાં સન્તોષકારક છે, પણ જમીન મહેસૂલ, નહેર અને દુકાળ સંકટનિવારણનાં કામો પ્રજાને સુપ્રત થવાં જોઇએ એવી અમારી ઇચ્છા છે—પહેલાં બે વિષયો ખર્ચનારાં ખાતાંઓ માટે આવકનાં સાધનો હોવાથી અમારી એ માગણી છે. કારણકે, ખર્ચના સૌથી મોટાંમાં મોટાં ખાતાં પ્રધાનોને સુપ્રત થયલાં છે, અને તેઓને સોંપાયલું આવકનું સૌથી સંગીન સાધન આબકારી છે—કે જેની આવક બહોળી કરવાનો અર્થ હિન્દુઓ અને મહોમેદનોની તેમજ હિંદમાંના બૌધ્ધોની ધાર્મિક લાગણીઓ દુખવવા બરાબર અને પ્રજાની નૈતિક અધોગતિ કરવા સમાન છે. મતદાર મંડળો નક્કી કરનારી કમિટિના રિપોર્ટને અમે અસન્તોષકારક ગણીએ છિયે, કેમકે મિલ્કતની લાયકાત ઘણી ઉંચી રાખેલી છે, અને કેળવણીની લાયકાત તેમાં દાખલ કરી નથી. આ રીતે આશરે ૩૦ લાખ કેળવાયલાંઓને મતાધિકારથી બાતલ રાખવામાં આવ્યાં છે.

ક્રુ કમિટિનો રિપોર્ટનો કેટલોક ભાગ અમારે માન્ય છે. તેમાં સૂચવેલા ફેરફારથી હિન્દી વજીરની કાઉન્સિલને બદલે સલાહકારી કમિટી દાખલ કરવામાં આવી છે. અમારી માન્યતા છે કે, સમય આવ્યે હિન્દી વજીર

અનુભવીની જોઇએ તેવી સલાહ મેળવી શકશે, અને ખર્ચ: ૧,૪૪,૦૦૦ નો અથવા તેથી અર્ધી રકમનો ભારે બોજો તદન બિનg છે, કેમકે હિન્દી વઝીરને જ્યારે જરૂર પડે ત્યારે તેને અનુભવીની મળી શકે તેમ છે. તેથી કરીને કોંગ્રેસે ઘણી લાંબી મુદતથી માગણી મુજબ, અમે હિન્દી વઝીરની કાઉન્સિલ સદંતર નાબુદ ક અમે હિમાયત કરીએ છિયે.